સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં કાર્તિકીના ભવ્ય લોકમેળામાં લાખ્ખો ભક્તોનો મહેરામણ ઉમટ્યો

ભાવિકો મેશ્વો નદીમાં આવેલ પવિત્ર નાગધરા કુંડમાં સ્નાન કરી પિતૃ ઋણથી મુક્ત થઇ ધન્ય બન્યાં

શામળાજી, તા.૧૨

કારતક સુદ પૂનમના રોજ ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ભવ્ય લોકમેળો યોજાયો હતો જેમ દર વર્ષની આ

વર્ષે પણ હૈયે હૈયું દળાય તેવી ભીડ જામી હતી.ભરાય છે મેળામાં રાજસ્થાન ગુજરાત મધ્યપ્રદેશ થી લાખો ભક્તો કાળિયા ઠાકોર ના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા અને જિલ્લા અને રાજયભરમાથી ખૂબ મોટો ભકત સમુદાય ઉમટી પડી કાળિયા ઠાકરનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભાવિકો મેશ્વો નદીમાં આવેલ પવિત્ર નાગધરા કુંડમાં સ્નાન કરી પિતૃ ઋણથી મુક્ત થઈ ધન્ય બન્યાં હતા.

યાત્રાધામ શામળાજીમાં આવેલ નાગધરા કુંડમાં સ્નાનનું આગવું મહત્વ છે આસપાસનો આદિવાસી અને રાજસ્થાનથી આવતા શ્રદ્ધાળુઓ ચૌદશ ના દિવસે રાત્રી જાગરણ કરી પૂનમ ના દિવસે સવારે નાગધરા કુંડમાં સ્નાન કરે છે અહીં આ કુંડ માં સ્નાન કરવાથી તેમના ગત થયેલા પિતૃઓને મોક્ષ મળેછે એવી વર્ષો પુરાણી માન્યતા રહેલી છે નાગધરા કુંડ પાસે પૂજારીઓ દ્વારા પૂજાવિધિ કારાવેછે આજના દિવસે ભક્તો પૂજાવિધિ દ્વારા ભૂત પ્રેત વળગાડ વગેરે દૂર થાય છે એવી માન્યતા રહેલી છે જેને લઈ આજે પણ વહેલી સવારથી જ આ કુંડમા શ્રદ્ધાળુઓએ ડૂબકી લગાવી પરંપરાગત સ્નાન કર્યું હતુ.

કારતક મહિનામાં ભારતભરમાં ચાર સ્થાનો પર કાર્તિકીના ચાર મેળા યોજાય છે તેમાનો એક યાત્રાધામ શામળાજીમાં યોજાય છે .આજે વહેલી સવાર થિ જ દુરદૂરથી લાખો ભક્તો ભગવાન કાળિયા ઠાકોર ના દર્શને આવેછે અને ધન્યતા અનુભાવેછે મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તો ને દર્શન અને પ્રશાદ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.

પાંચ દિવસ ચાલનારા કાર્તિકી મેળામાં લખો ભક્તો ભગવાન શામળિયા ના દર્શન કરી ધન્યતા અનુભવેછે ત્યારે અરવલ્લી જિલ્લા પોલિસ દ્વારા પણ અવ્યવસ્થા ના થાય તે માટે ચુસ્ત

બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે મેળા દરમિયાન દર વર્ષની જેમ આ વષે પણ શામળાજી વિષ્ણુ મંદિર ટ્રશ્ત દ્વારા મેળામાં આવતાં ભક્તોની સુવિધા વ્યવસ્થા કરાઈ હતી. શામળાજીનાં કાર્તિકી મેળાનો મોટો મહિમા હોઈ અરવલ્લી સાબરકાંઠા જીલ્લા ઉપરાંત રાજસ્થાન,મહારાષ્ટ્ર,મધ્યપ્રદેશના યાત્રાળુઓ પણ આ મેળામા ઉમટતા હોઈ આ મહીનામ શામળાજી તીર્થભૂમિ યાત્રાળુઓથી સતત ઉભરાય છે.સ્થાનિકો માટે ..ખાસ અહીંના આદિવાસી ભાઈ બહેનો માટે આ લોકમેળો અદના ઉમંગ ઉત્સાહનો અવસર બની રહે છે.કાળિયા ઠાકર તેમનાં ઈષ્ટ દેવ હોઈ સ્થાનિકોમા આ મેળાનો અનોખો મહિમા છે. એક જમાનામાં ગવાતું.. શામળાજીનાં મેળે રમઝણીયું.. રે.. પેઝણીયું.. બાજે નું લોકપ્રિય લોકગીત આજે ભલે ન ગવાતું હોય પણ આ મેળે એની સ્મૃતિ થયાં વીના રહેતી નથી. સ્થાનિકો આ દિવસોમાં પોતાના ખેતરે પકવતા આદું,લસણ,લીલી હળદર,શેરડી વગેરે લઈ અહી હાટડી માંડી વેચાણ કરવા આવે છે જેની ખરીદી શહેરીજનો અને મેળામાં આવતાં લોકો ખાસ કરે છે.

ખેડબ્રહ્મા નદી કીનારે ભૃગુઋષિના મંદિરે દેવ દિવાળીએ મેળો ભરાયો

ખેડબ્રહ્મા, તા. ૧૨

પિતૃઓના અસ્થિ વિસર્જન કરી ભગવાન સદાશિવ ભૃગુઋષિના દર્શન કરી ગંગા નદીમાં સ્નાન કર્યાની શ્રદ્ધાળુઓની લાગણી અનુભવી હતી.

ખેડબ્રહ્મામાં ત્રિવેણી સંગમના કિનારે બિરાજમાન અને ઈડર સ્ટેટના પાંચ રત્નો પૈકી એક ભૃગુરૂષિ મહાદેવ મંદિરે દેવ દિવાળીના દિવસે ભવ્ય મેલો ભરાયો જેમાં હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને ભીમાક્ષી નદીમાં માત્ર કારતક સુદ પૂનમના દિવસે પ્રગટતી ગંગાની ધારામાં સ્નાન કરી અને ભૃગુરૂષિ મહાદેવ તથા પ્રસ્થાપિત ધ્વદશ જ્યોર્તિલિંગના દર્શન કરી ધન્યતા અનુભવાય.. હતો, ઈડર સ્ટેટના પાંચ રત્નો ગણાયા છે, જેમાં બ્રહ્માજી અને ભૃગુરૂષિ મહાદેવ ખેડબ્રહ્મામાં આવેલા છે. શામળાજી ભગવાન તથા ભવનાથ મહાદેવ ભિલોડા તાલુકામાં બિરાજમાન છે, અને કણવનાથ મહાદેવ ઈડર તાલુકાનાં લીમભોઈ ગામે બિરાજમાંન છે દેવ દિવાળી એટ્લે કારતક સુદ પુનમ ના દિવસે ભૃગુરૂષિ મહાદેવના સાનિધ્યામાં ખેડબ્રહ્મામાં ભવ્ય મેળો ભરાય છે,. આ મેળા નું પૌરાણિક તથા ઈતિહાસિક મહત્વ છે.

ખેડબ્રહ્મા શહેર ત્રણ નદીઓ હરણાવ, કોસંબી, અને ભીમાક્ષીના સંગમ સ્થાને વસેલું છે. ભીમાક્ષી નદીના કિનારે ભૃગુરૂષિ મહાદેવનું જીણોધાર પામેલું અને ધ્વદશ જ્યોર્તિલિંગ પ્રસ્થાપિત મંદિર આવેલ છે ભૃગુરૂષિ મહાદેવ મંદિર પૌરાણિક મંદિર છે. કારતક સુદ પુનમ ના દિવસે આ મહાદેવના સાનિધ્યમાં મોટો મેળો ભારાયો છે. એક માન્યતા મુજબ ભૃગુરૂષિના પ્રયત્નથી ભીમાક્ષી નદીમાં વહેલી સવારે ગંગા નદીની ધારા પ્રગટ થતી હોય છે. તેથી વહેલી સવારે શ્રદ્ધાળુઓ નદીમાં સ્નાન કરી ધન્યતા અનુભવી હતી.

આજરોજ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ઉંટરડા ગામે દીપેશ્વરી માતા ના પ્રખ્યાત મંદિર જતા યાત્રાળુ ઓ અને ગ્રામ જનો માટે સુવિધા પથ ની સરકાર શ્રી દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને તેની આશરે કિંમત ૭૦ લાખ રૂપિયા થાય છે આના ભૂમિપૂજન માં ભારતીય જનતા પાર્ટીના સંગઠનના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને ભૂમિ પૂજન ની અંદર પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, ઠાકોર વિકાસ નિગમના ડીરેકટર શ્રી ભુપતસિંહ સોલંકી જિલ્લા સદસ્ય અદેસિહ ચૌહાણ સંગઠનના પ્રમુખ માનસી સોઢા પરમાર તાલુકા પંચાયતના પ્રમુખ અલ્પેશભાઈ પટેલ અને તાલુકા સદસ્ય રાજુભાઈ પટેલ, ઉદેસિંહ મકવાણા, સરપંચ મુળ સિંહ ઝાલા તેમજ સ્થાનિક આગેવાનોએ હાજરી આપી હતી.

ડીસા તાલુકાના લાખણાસર ગામે પરંપરાગત લોક મેળો ભરાયો

ડીસા, તા. ૧૨

હિન્દૂ ધર્મમાં દેવ દિવાળીનું વિશેષ મહત્વ છે.આ પાવન દિવસે રાજયમાં અનેક જગ્યાએ ભાતીગળ લોક મેળાઓ યોજાય છે.ત્યારે ડીસા તાલુકાના લાખણાસર ગામે ભાગીગળ મેળો યોજાતા લોકોએ હનુમાન દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ભારતીય સંસ્કૃતિમા પરંપરાગત ભરાતા મેળાનું એક આગવુ સ્થાન ધરાવે છે.વર્ષોથી ભારતીય સંસ્કૃતિને વરેલા પ્રાચીન મેળાઓ ભરાતા આજે પણ લોકો મેળાઓની મોજ માણે છે.ત્યારે હિન્દૂ ધર્મનો મોટો તહેવાર ગણાતા દિવાળી બાદ કારતક સુદ પૂનમનો દિવસ દેવ દિવાળી તરીકે મનાવાય છે. જોકે આ પાવન દિવસને ભગવાનની દિવાળી તરીકે મનાવવામાં આવે છે. ત્યારે આજના પાવન દિવસે બનાસકાંઠા જીલ્લામા ધનકવાડા, આગથળા તથા લાખણાસર ગામે વર્ષોથી પરંપરાગત રીતે મેળાઓ ભરાય છે ત્યારે લાખણાસર ખાતે આવેલ હનુમાન દાદાના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાતીગળ લોક મેળો ભરાતા આસપાસના ગામના લોકો દર્શનાર્થે ઉમટી પડયા હતા.

ડીસા તાલુકાના લાખણાસર ગામે આવેલા હનુમાનજીના મંદિરનો ઈતિહાસ જોઈએ તો વર્ષો પહેલા ત્યાં ધૂડીબેન રબારી નામના માજી ઢોરોનો વાડો બનાવી રહેતા હતા. વાડામાં ખોદકામ કરતી વખતે હનુમાનજીની મૂર્તિ નીકળી હતી ધૂડીબેનએ હનુમાનજીની મૂર્તિની સ્થાપના કરી પૂજા અર્ચના કરતા હતા તેમને વારસામાં એક પણ સંતાન ન હોવાથી તેઓએ હનુમાનજીને સંતાન માટે પ્રાર્થના કરી હતી ત્યારબાદ હનુમાનજીએ ધૂડી બેનને વચન આપ્યું હતું અને પુત્ર પ્રાપ્ત થયો હતો ત્યારથી લઈ લાખણાસર ગામે આવેલ હનુમાનજીના મંદિરે દર પૂનમના દિવસે અહીંયા ભજન સંધ્યાનું પણ આયોજન કરવામાં આવે છે જ્યાં ગામના લોકો મોટી સંખ્યામાં આ ભજન સંધ્યા માં જોડાય છે અહીં આવેલા મંદિર કારતક સુદ પૂનમ અને દેવદિવાળીના દિવસે મોટો ભાતીગળ મેળો પણ ભરાય છે જે લોકો દૂર-દૂરથી પોતાની બાધા રાખડીઓ પૂર્ણ કરવા માટે આવે છે વર્ષો પહેલા લાખણાસર ગામે ભરાતા ભાતીગળ મેળામાં ઠાકોર પરિવાર દ્વારા અશ્વદોડનું

પણ આયોજન કરવામાં આવતું હતું જે અશ્વદોડ જોવા માટે લોકો દૂર દુરના ગામથી આવતા હતા પરંતુ સમય જતા આજે અશ્વ દોડનું આયોજન થતું નથી જેના કારણે લોકોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળે છે આજે ભરાયેલા આ ભાતીગળ મેળામાં નાનાથી માંડી મોટા સૌ કોઈ ચકડોળની મજા માણી હતી.

આ બાબતે સાગરભાઈ રબારી આ મેલા વિશેની લોકમાન્યતા વિસે વાત કરી હતી તેમજ સરપંચ સુરેશભાઈ ડાભી એ વર્ષોથી ભરાતા આ મેલા વિસેની વ્યવસ્થા અને આયોજન બાબતે પણ જાગરૂકતા દાખવી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

વાંસળીથી ફાગવેલ પગપાળા પદયાત્રીઓના રથનું પ્રસ્થાન

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંસળી ગામથી સુપ્રસિધ્ધ યાત્રાધામ ફાગવેલ ભાથીજી મહારાજના ધામ તરફ પગપાળા પદયાત્રીઓના રથનું વાજતે-ગાજતે સંગીતની શુરાવલી વચ્ચે પ્રસ્થાન કર્યું હતું. શુરવીર ભાથીજી મહારાજના રથનું પુજન અર્ચન કરીને ઈન્દુબેન ભાવિનભાઈ તબીયાર, સરપંચ, વાંસળી ગ્રૂપ ગ્રામ પંચાયતએ ભાથીજી મહારાજના રથનું પ્રસ્થાન કરાવ્યું હતું.

ભિલોડામાં ડાયાબિટીસથી પીડાતા કરિયાણાના વેપારીએ બીમારીથી કંટાળી બુઢેલી નદીમાં ઝંપલાવી જીંદગી ટૂંકાવી

ભિલોડા, તા. ૧૨

આજના જમાનામાં લોકો નાની-નાની વાતોમાં જીવન ટૂંકાવી દેતાં હોય તેવા કિસ્સાઓમાં વધારો થઈ રહ્યો છે. અમુક વખત તમે સ્વપ્રે પણ ન વિચારી હોય તેવી વાતો પર લોકો આત્મહત્યા કરી લેતાં હોય છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા નગરના કિરાણા સ્ટોરના વેપારીએ ડાયાબિટીસ અને માનસિક બીમારીથી કંટાળી હતાશામાં ગરકાવ થઈ ભિલોડા નજીકથી પસાર થતી બુઢેલી નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરી લેતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. ભિલોડા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ભિલોડાના અગ્રણી વેપારીએ બીમારીથી કંટાળી જીવનલીલા સંકેલી લેતા વેપારીઓ પણ અચંબિત બન્યા હતા.

ભિલોડા બસ સ્ટેન્ડ નજીક વર્ષોથી "રાઠી કિરાણા" સ્ટોર નામની વર્ષો જૂની પેઢી ધરાવતા મુકેશભાઈ ધનરાજભાઈ રાઠી નામના વેપારી છેલ્લા કેટલાક વર્ષોથી ડાયાબિટીસ નામની અસાધ્ય બીમારીથી પીડાતા હોવાથી માનસિક રીતે અસ્વસ્થ રહેતા હતા. બુધવારે ઘરેથી નીકળી જતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. સોમવારે સવારે ભિલોડા નગરની સાઈ સમ્રાટ હોટલ નજીક પસાર થતી બુઢેલી નદીમાંથી મુકેશભાઈ ધનરાજભાઈ રાઠીનો પાણીમાં ડૂબેલી હાલતમાં મૃતદેહ મળી આવતા પરિવારજનો ઘટનાસ્થળે પહોંચી ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. ભિલોડા નગરના વેપારીઓ અને લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. ભિલોડા પોલીસને જાણ કરતા તાબડતોડ નદીના કિનારે પહોંચી મૃતક વેપારીની લાશને ભિલોડા કોટેજ હોસ્પિટલમાં પીએમ માટે ખસેડી હતી.

ભિલોડા પોલીસે મૃતક વેપારીના પુત્ર દિપકુમાર મુકેશભાઈ રાઠી (રહે. શાંતિનગર સોસાયટી, નારસોલી રોડ, ભિલોડા)ની ફરિયાદના આધારે સીઆરપીસી-૧૭૪ કલમ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

"ખેડૂતો થયા પાયમાલ ભાજપનું રામ બોલો ભાઈ રામ"ના સૂત્રોચ્ચાર સાથે મોડાસામાં કોંગ્રેસનું જન વેદના સંમેલન

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિએ મોડાસા ચાર રસ્તા ખાતે ખેડૂતોના સમર્થનમાં ધરણા યોજી માવઠાથી નુકસાન, પાક વીમા મુદ્દે ન્યાય અપાવવા માંગ કરી હતી. સાથે જ આર્થિક મંદી અને અન્યો પ્રશ્નો બાબતે આંદોલન કરી રેલી યોજી હતી. દેશ અને ગુજરાતમાં ભાજપ અન્યાય કરે છે તેવો આરોપ કોંગ્રેસે લગાવ્યો હતો. સાથે કહ્યું કે, મોંઘવારીથી પ્રજાનું જીવન અસ્તવ્યસ્ત થયું છે. કોંગ્રેસે કહ્યું કે, રાજયમાં ચાલુ વર્ષે વધુ વરસાદથી અને કમોસમી વરસાદથી ખેડૂતની સ્થિતિ વણસી છે. મોંઘવારીથી પ્રજાનું જીવન અસ્તવ્યસ્ત થયું છે. દેશની આજની સ્થિતિ કંઈક અલગ થઈ છે કમોસમી વરસાદ અને ખેડૂતોના મુદ્દે કોંગ્રેસ આકમક વલણ અપનાવ્યું હતું.

મોડાસા ચાર રસ્તા ખાતે યોજાયેલ અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિના ધરણામાં કોંગ્રેસી અગ્રણીઓ, ત્રણે ધારાસભ્યો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાજપ પર કોંગ્રેસે આકાર પ્રહારો કર્યા હતા "જન વેદના સંમેલન"માં મોદી સરકારમાં માત્ર ઝૂમલે બાઝી સિવાય કંઈ મળ્યું નથી. બેટી બચાવો પણ ભાજપથી બેટી બચાવોની સ્થિતિનું આજે નિર્માણ થયું છે. ૬ વર્ષમાં મોદી સરકાર દ્વારા આપવામાં આવેલાં નારા માત્ર નારો જ રહ્યું હોવાનું જણાવ્યું હતું. રેલી સ્વરૂપે શહેરના મુખ્યમાર્ગો પર કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોએ ભાજપની મોદી સરકાર વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી રોષ પ્રકટ કર્યો હતો.

પાલનપુર મુકબધીર શાળામાં ડીસા અને પાલનપુર હોમગાર્ડ જવાનોની ટીમ વચ્ચે કબડ્ડી સ્પર્ધા યોજાઈ

પાલનપુર, તા. ૧૨

પાલનપુર અને ડીસા શહેરમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા જવાનો માટે રમતની જુદી-જુદી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં આજરોજ મુકબધીર શાળામાં પાલનપુર અને ડીસા યુનિટ વચ્ચે કબડ્ડીની રમત યોજાઈ હતી. જેમાં ડીસાની ટીમનો વાજય થયો હતો. બનાસકાંઠા જિલ્લામાં પોલીસ સાથે ખભે ખભો મીલાવી હોમગાર્ડ જવાનો રાત-દિવસ ફરજ બજાવે છે. જેથી તનાવભરી જીંદગીમાંથી બહાર આવે અને પોતાનામાં પડેલી શક્તિઓ બહાર આવે તે માટે હોમગાર્ડ જવાનો માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે જિલ્લા કમાન્ડન્ટ રમેશભાઈ પંડ્યાની સુચના અને સબ ઈન્સપેક્ટર એલ.એચ. વ્યાસના માર્ગદર્શન હેઠળ પાલનપુર મુકબધીર શાળામાં પાલનપુર સિટી યુનિટના ઓફીસર કમાન્ડન્ટ પ્રશાંતભાઈ ગૌસ્વામીએ પાલનપુર અને ડીસા વચ્ચે કબડ્ડીની રમત રમાડવામાં આવી હતી. જેમાં ડીસાની ટીમનો વિજય થતા અધિકારીઓ દ્વારા વિજેતા ટીમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સિનીયર પ્લાટુન કમાન્ડર મુસ્તાકભાઈ ચૌહાણ, પ્લાટુન કમાન્ટન્ટ પી.બી. જાની, અશોકભાઈ રાવલ સહીત મોટી સંખ્યામાં હોમગાર્ડ જવાનો હાજર રહ્યા હતા.

આબુરોડ નજીક જીપ અને કાર વચ્ચે અકસ્માત, આઠને ઈજા

આબુ, તા. ૧૨

રાજસ્થાનના આબુરોડ નજીક આમથલા ગામના પુલ ઉપર જીપ અને કાર વચ્ચે ઓવરટેક કરવાના ચક્કરમાં અકસ્માત સર્જાયો હતો.જેમાં જીપ હવામાં ફંગોળાઈને પુલની રેલિંગ પર જઈને અટકી ગઈ હતી અને કારનો ભુક્કો થઈ ગયો હતો આ અકસ્માતમાં ૮ વ્યક્તિઓને ઈજા થતાં આબુરોડની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

રાજસ્થનના આબુરોડ નજીક સર્જાયેલા અકસ્માતની મળતી વિગતો પ્રમાણે આબુરોડ સિરોહી રોડ ઉપર પસાર થઈ રહેલી મુસાફર ભરેલી જીપ આમથલા ગામના પુલ ઉપર પસાર થઈ રહી હતી. ત્યારે સામેથી આવી રહેલી કાર સાથે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જેમાં જીપ નદીના પુલની રેલિંગ ઉપર લટકી ગઈ હતી. બુલડોઝરની

મદદથી જીપ નીચે ઉતારવામાં આવી હતી અને ટ્રાફિક પૂર્વવત શરૂ કરવામાં આવ્યો હતો. અકસ્માતમાં ૮ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે આબુરોડની હોસ્પિટલમાં ખસેડાયા હતા.અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

અરવલ્લી જીલ્લાના પનોતા પુત્ર પદ્મશ્રી દેવેન્દ્ર પટેલના ચાર પુસ્તકોનું બાયડના જય અંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમ ખાતે લોકાર્પણ

ધનસુરા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના પનોતા પુત્ર પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ ગુજરાતી ભાષાની સાંપ્રત અને ચિંતન એમ બન્ને કાંઠેથી આત્મસાત કરનાર વર્તમાન અને આધુનિક લેખકોમાં દેવેન્દ્ર પટેલનું નામ મોખરે છે. દરેક પરિસ્થિતિને આગવી રીતે આ લેખોનું તેમનો આગવો અંદાજ છે. તેમણે ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, વિદેશ પ્રવાસ વર્ણનો, ગલ્ફવોરની કથાઓ અને ઈતિહાસ ગ્રંથો પણ લખ્યા છે. પત્રકારત્વ ક્ષેત્રમાં તેમના યોગદાન અભૂતપૂર્વ છે. ચીલા ચાલુ પત્રકારત્વથી હટકે નવો જ ચીલો ચતર્યો છે. આજે તેઓ આગામી ઘણા પત્રકારો માટે એક રોલ મોડેલ છે. દેવેન્દ્ર પટેલને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'પદ્મશ્રી' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રવિવારે મંદબુદ્ધિ ધરાવતી મહિલાઓની નિસ્વાર્થપણે સેવા કરતા તેમજ તરછોડાયેલી અને અત્યાચારનો ભોગ બનેલી મંદબુદ્ધિની મહિલાઓ માટે આશ્રય સ્થાન એવા "જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા આશ્રમ" બાયડ ખાતે વરિષ્ઠ

પત્રકાર અને લેખક દેવેન્દ્ર પટેલના અલંકૃતા, જીવન પ્રકાશ, કમરજહાં અને બ્રિટિશ ઈન્ડિયા પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેમાં ચીફ એકઝ્યુકેટીવ એડિટર મહેશ લીલોરિયા અને રેસિડેન્ટ એડિટર રાજેશ સી. પાઠકના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રેરક વક્તા અને કલગી ફાઉન્ડેશનના સ્થાપક કલગી રાવલ, મિસિસ યુનિવર્સલ શ્રીમતી નીપાસિંહ, ઉર્દુ સાહિત્યકાર કમર જહાં, બ્રહ્મધામના મહામંત્રી બાબુલાલજી એસ. રાજપુરોહિત, ફ્રેન્ડ્સ ગ્રુપ ઓફ કંમ્પનીના સીએમડી સુખરાજજી સિંઘવી અને નવભારત સાહિત્ય મંદિરના મહેન્દ્રભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય માર્ગ અને મકાન વિભાગના આસી. એન્જીનીયર નિર્મલ ચૌધરીના હસ્તે કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.

જય અંબે મંદબુદ્ધિ મહિલા સેવા આશ્રમ-બાયડના અશોકભાઈ જૈન અને તેમની ટીમે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.